ફોજદારી કેશ નં.

## <u>આંક -૧ લગત હુકમ</u>

આજરોજ મદદનીશ સરકારી વકીલશ્રી કે.સી.રાવલ સુરતનાઓની આંક- ની વિડ્રોઅલ પુરસીસના આધારે હાલનો કેસ સી.આર.પી.સી. કલમ-૩૨૧ અન્વયે પરત ખેંચતા હોય, સદર પુરસીસના આધારે એ.પી.પી.શ્રીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતના જાવક નં.એમએજી/ડોરમેન્ટ કેસ/વશી. ૨૪૭૩/૨૦૨૪ તા.૧૧/૦૯/૨૦૨૪ તથા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, સુરત/૩૨/૧૨૬૦/૨૦૨૪ તા.૧૨૦/૦૯/૨૦૨૪ થી આપેલ પરવાનગી હુકમને ધ્યાવે લેતા હાલના કેસમાં સી.આર.પી.સી. કલમ-૩૨૧ અન્વયે વિદ્વાન એ.પી.પી.શ્રીને સદર કેસ વિડ્રોઅલ પુરસીસના આધારે ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આરોપીને બિનતહોમત/નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

<u>:- હુકમ -:</u>

૧. આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ -૨૩૯ અન્વયે " બિનતહોમત " છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
૨. ભવિષ્યમાં આરોપીને ફરીયાદપક્ષ રજુ કરે કે, આરોપી સામેથી હાજર થાય તો સદરહું કેસની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડનીકલમ – ૩૦૦(૫) મુજબ શરૂ કરવાના ફરીયાદપક્ષના હક્કને આ હુકમથી કોઈ બાધ રહેશે નહી અને તેવા કીસ્સામાં આ કોર્ટ કાર્યવાહી શરૂ કરવાની પરવાગનગી આપેલ છે તેમ ગણાશે.

૩. આ કામે કબ્જે લીધેલ મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે.
૪. આ કામે કબજે લીધેલ મુદ્દામાલની માલિકી અંગેનો જરૂરી આધાર પુરાવો લઈને જેતે મુળમાલિક / ફરીયાદીને સોંપી આપવો જો મુળમાલિક કે ફરીયાદી મળી આવે તેમ ન હોય તો...
   A) પોલીસે કબજે કરેલ મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાતે ખાલસા કરવુ અને અન્ય મુદ્દામાલનો નાશ કરવો.
   B) પોલીસે કબજે લીધેલ મુદ્દામાલ ઈલેક્ટ્રોનીક સાધનો/મોબાઈલ ફોન/ વાહન તથા અન્ય મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમ કરવો અન્યથા તે મુદ્દામાલની જાહેર હરાજી કરી તેના ઉપજોલ નાણા સરકારશ્રીમાં જમા કરાવવા.
   C) મુદ્દામાલ તરીકે જો સોનાના દાગીના હોય અથવા તો સોનાની ધાતુ હોય તો અપીલ સમય વિત્યે તેની કાયદેસરની કાર્યવાહી કરી સરકારી મિન્ટમાં જમા કરાવવા હુકમ કરવામાં આવે છે.
   D) આ સિવાય અન્ય નોન વેલ્યુએબલ મુદ્દામાલ તથા હથીયારનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
૫. આ હુકમની સંબંધીત પોલીસ સ્ટેશને યાદી કરી જાણ કરવી.

હુકમ આજરોજ તા.૧૪ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૪ ની લોક અદાલતના સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તા. ૧૪/૦૯/૨૦૨૪
સ્થળ - સુરત

(એ.આર.ત્રિવેદી)
જ્યુડી.મેજી.ફ.ક.,સુરત
પ્રથમ કોર્ટ,સુરત
( GJ01366)